PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૩/કવા–૦૩/૧૮–૧૯/432-1 તા. 10-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

હિતેશ લીંબાભાઇ ઉસદડીયા,

C/O, બંસીધર ઇલેક્ટ્રોનિક્સ

મઢી રોડ

પીપળીયા નગર કેશોદ

પીનકોડ- ૩૬૨૨૨૦

મો: ૯૮૨૫૨૩૧૪૫૦

**વિષય :–ખેતીવાડી વીજ જોડાણ ના શીફટીગ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૩/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, કેશોદ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૯૩/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૧–૦૧–૧૯ | સ્થળ : પોરબંદર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: હિતેશ લીંબાભાઇ ઉસદડીયા, ગામ: કેશોદ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના બનેવી લક્ષ્મણભાઈ ડાયાભાઈ બરવાડીયા હાજર રહેલ છે.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :પી.જી.જોશી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી , કેશોદ

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજ જોડાણ ના શીફટીંગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર હિતેશ લીંબાભાઇ ઉસદડીયાની અરજી ના નોંધણી નંબર :૯૩/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૦૧૦૭/૦૧૦૬૪/૦ શહેર પેટા વિભાગીય કચેરી કેશોદ હેઠળ – રે. સર્વે નંબર: ૫૨૯/૨ મા ધરાવે છે. જે તેઓની પીપળી ગામે આવેલ ખેતીવાડી જમીન સર્વે નંબર: ૨૧ માં શીફટીંગ કરવા માટે તા.૨૩–૧૦–૧૮ ના રોજ અરજી કરેલ હતી. જે અનુસંધાને – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ અને તા.૨૬–૦૩–૧૭ મા આધાર લઈને શીફટીંગ ની મંજુરી આપી શકાય નહી, તેમ જણાવી તેઓની અરજી ના મંજુર કરાયેલ છે. જે અન્વયે – અરજદાર ને અન્યાય થયેલ હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી હિતેશ લીંબાભાઇ ઉસદડીયા ની ફરિયાદ અનુસંધાને પાઠવાયેલ ખેતીવાડી વિજ કનેક્શન શીફ્ટીંગ માટેની દરખાસ્ત જરૂરી મંજૂરી અર્થે પાઠવેલ. જે અનુસંધાને વર્તુળ કચેરી પોરબંદર ના પત્ર નં.એસ.ઈ.પી./ રેવ/ એ.જી.શીફ્ટીંગ /૩૨૮૪, તા.૦૪.૧૨.૨૦૧૮ મુજબ આપની ખેતીવાડી વિજ જોડાણ શીફ્ટીંગ ની દરખાસ્ત ખેતીવાડી શીફ્ટીંગ માટેના જી.યુ.વી.એન.એલ.-વડોદરાના પરિપત્ર નં.જી.યુ.વી.એન.એલ./ટેક/ એ.જી.કનેક્શન /૨૧૮૯, તા.૨૪.૧૦.૨૦૧૩ અને ઈ.ડી.પી.ના પત્ર ક્રમાંક જી.યુ.વી./૨૦૧૭/૪૮૯/કે-૧, તા.૨૬.૦૩.૨૦૧૭ ની શરતો પૈકી જ્યાં શીફ્ટીંગ કરવાનું છે તે જમીન અન્ય ખેડૂત સાથે ભાગીદારીમાં ખરીદેલ ન હોવી જોઈએ તે શરતને અનુસરતી ન હોઈ જરૂરી મંજૂરી અપાયેલ નથી. આ બાબતેથી અમારી કેશોદ (શહેર) પેટા વિભાગીય કચેરી દ્વારા પણ પત્ર નં.કે.એસ.ડી./ટેક/૩૧૫૭, તા.૦૬.૧૨.૧૮ થી અરજદાર ને સદર બાબતથી વાકેફ કરેલ. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી |

નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧**

1. અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા ની રજુઆત મુજબ – ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૦૧૦૭/૦૧૦૬૪/૦ (૭.૫ હોપા) થી શ્રી ભોવાનાભાઈ કરશનભાઈ ઉસદડીયા – શહેર પેટા વિભાગીય કચેરી કેશોદ હેઠળ – રે. સર્વે નંબરઃ ૫૨૯/૨ મા ધરાવે છે.

2. ગામ ના નમુના નં.–૮–અ, તા.૨૨–૧૨–૧૦ સ્થિતી ખાતા નં.– ૭૦૮ મા, સર્વે નંબર ૫૨૯ / ૨ ગામ કેશોદ – જેમા કબ્જેદાર તરીકે શ્રી ભોવાનભાઈ કરશનભાઈ ઉસદડીયા (૩૨૦૫) અને શ્રી હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા(૩૨૦૫) થી ૧–૫૬–૮૨ હે–આરએ–ચોમી થી ખેતીવાડી જમીન ધરાવે છે. ગામ ના નમુના નં.–૬ હકકપત્રક તા.૨૨–૧૦–૧૮ ની સ્થિતીએ નોંઘણી ન.–૩૨૦૫ મા દર્શાવ્યા મુજબ – તા.૨૧–૦૩–૧૯૮૦ શ્રી ભોવાનાભાઈ કરશનભાઈ ઉસદડીયા તથા શ્રી હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા ખાતેદાર કરશન પરબત તથા લીબા પરબતે તેના ખાતાની જમીન સર્વે નંબરઃ ૫૨૯/૨ એકર ૦૩–૩૫ ગુઠા જમીન તેના પુત્રો ના નામે કરી આપવા માંગણી કરતા – તા.૩૦–૧૨–૭૯ ની કબુલાત ના આધારે નોંઘ લીધી. નોંઘણી નં.–૩૨૦૩ તા.૦૧–૦૧–૮૦ મુજબ કરશન પરબત તથા લીબા પરબત કેશોદ ગામે ખાતા નં.–૧૪૦ થી કરશન તથા લીબાભાઈ તથા મણીબેન પરબત ના નામે ખેડ ખાતુ ચાલે છે, આ ખાતાની જમીન માથી મણીબેન પરબતે પોતાનો હકક ઉઠાવી લેતા – તેની તારીખ – ૩૦–૧૨–૭૯ ની કબુલાત ના આધારે નામ કમી કરવા નોંઘ લીધી.

3. શહેર તલાટી કેશોદ ના દાખલામા જણાવ્યા મુજબ – વારસદારો તા.૨૧–૦૬–૧૩ મુજબ – સ્વ. પરબતભાઈ રામજીભાઈ ઉસદડીયા ને –૦૨ પુત્રો –
   (૧) સ્વ. લીબાભાઈ પરબતભાઈ ઉસદડીયા ( કે જેમને ૦૧ પુત્ર હિતેશકુમાર લીબાભાઈ)
   (૨) સ્વ. કરશનભાઈ પરબતભાઈ ઉસદડીયા ( કે જેમને ૦૨ પુત્ર ભોવાનભાઈ અને સ્વ. કેશવભાઈ) છે.

4. લીબાભાઈ પરબતભાઈ ઉસદડીયા નુ અવસાન તા.૨૮–૦૫–૨૦૦૪ ના રોજ – તેમજ પાર્વતીબેન લીબાભાઈ ઉસદડીયાનુ અવસાન લગભગ ૨૦ વર્ષ પહેલા થયેલ છે. જયારે કરશનભાઈ પરબતભાઈ ઉસદડીયાનુ અવસાન આશરે ૧૦ વર્ષ પહેલા, તેમજ કેશવભાઈ પરબતભાઈ ઉસદડીયાનુ અવસાન તા.૨૪–૦૬–૨૦૦૮ ના રોજ થયેલ છે.

5. પીપળી ગામ ના નમુના નં.–૬ હકકપત્રક તા.૨૨–૧૦–૧૮ ની સ્થિતીએ – નોંઘણી ન.–૩૪૨૫ મા તા.૨૯–૦૩–૧૨ મા દર્શાવ્યા મુજબ– શ્રી હિતેશકુમાર લીબાભાઈ તથા રમાબેન કેશવભાઈ તથા શ્રી જયેશકુમાર ભોોવાનભાઈ તથા શ્રી અશ્વિનકુમાર ભોવાનભાઈ ઉસદડીયાએ શ્રી ભોવાનભાઈ રત્નાભાઈ રાંક પાસેથી તેમના ખાતાના સર્વે નંબરઃ ૧ / ૩ / પૈકી ૧ ની ખેતી ની જમીન – રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.–૧૦૩૨ તા.૨૯–૦૩–૨૦૦૨ થી વેચાણ રાખતા – રજીસ્ટર્ડ દસ્તાવેજ ને આધારે– ખરીદનાર હિતેશકુમાર લીબાભાઈ – કેશોદ ગામ ના ખાતા નં.–૭૦૮ થી જમીન ધારણ કરે છે. ખરીદનાર રમાબેન કેશવભાઈ કેશોદ ગામ ના ખાતા નં. – ૧૨૦ થી ખેતીની જમીન ધારણ કરે છે. જયેશકુમાર ભોોવાનભાઈ ઉસદડીયા તથા શ્રી અશ્વિનકુમાર ભોવાનભાઈ ઉસદડીયા કેશોદ ગામ ના ખાતા નં. – ૧૨૦ ના ખાતેદાર ખેડુત ના પુત્ર છે.

6. પીપળી ગામ ના નમુના નં.–૭ ખાતાના સર્વે નંબરઃ ૧ / ૩ / પૈકી ૧ ની કુલ જમીન –૧–૫૭–૪૧ હે.આરએ.ચોમી. માં કબ્જેદાર ના નામ (૧)હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા (૨) રમાબેન કેશવભાઈ ઉસદડીયા (૩)જયેશકુમાર ભોોવાનભાઈ ઉસદડીયા (૪)અશ્વિનકુમાર ભોવાનભાઈ ઉસદડીયા બતાવેલ છે.

7. સદર વીજજોડાણ કેશોદ ગામે ગ્રાહક નં.– ૮૦૧૦૭/૦૧૦૬૪/૦ થી શ્રી ભોવાનાભાઈ કરશનભાઈ ઉસદડીયા ના નામેથી હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા ના નામે નામ બદલી કેશોદ વિભાગીય કચેરીના મંજુરી પત્ર તા.૦૯–૧૧–૧૬ થી મંજુર કરાયેલ છે.

8. હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા દ્વારા તેઓના સદર વીજજોડાણ રે. સર્વે નંબરઃ ૫૨૯/૨ માં પાણી ખુટી જવાથી – તેઓના સંયુકત કુટુંબ દ્વારા – પીપળી ગામે સર્વે નંબરઃ ૨૧ માં ખરીદવામા આવેલ – જેમા પાણી હોય – સદર વીજજોડાણ શીફટીગ અંગે ની અરજી કરાયેલ છે.

| | |
|---|---|
| | 9. ઉપરોક્ત બાબતે – સ્પષ્ટ થાય છે કે – કેશોદ ગામ ના સર્વે નંબર: ૫૨૯/૨ માં કબ્જેદાર તરીકે –<br><br>(૧) શ્રી ભોવાનભાઈ કરશનભાઈ ઉસદડીયા (૩૨૦૫) અને<br>(૨) શ્રી હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા(૩૨૦૫) છે.<br>જયારે કેશોદ તાલુકાના પીપળી ગામે સર્વે નંબર: ૧ / ૩ / પૈકી ૧ મા કબ્જેદાર તરીકે –<br>(૧)હિતેશકુમાર લીબાભાઈ ઉસદડીયા (૨) રમાબેન કેશવભાઈ ઉસદડીયા<br>(૩)જયેશકુમાર ભોવાનભાઈ ઉસદડીયા (૪)અશ્વિનકુમાર ભોવાનભાઈ ઉસદડીયા જણાયેલ છે. |
| <u>૩.૨</u> | પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ – ખેતી વિષયક હળવા દબાણ ના હૈયાત વીજજોડાણો ધરાવતા ગ્રાહકો નુ સ્થળફેર અંગે ના નિયમોમાં ક્રમ નં.–૨ ની મુદ્દા નં.–ચ મા દર્શાવ્યા મુજબ – '' ગ્રાહક નવીન જમીન ખરીદ કરીને સ્થળ ફાઈલ માંગેતો – ઓછામા ઓછી – ૦૨ એકર અને અરજદાર ના નામે ઓછામા ઓછા – ૦૨ વર્ષ થી હોવી જોઈએ – **બીજા ખેડુત ની ભાગીદારી ન હોવી જોઈએ.**'' |
| <u>૩.૩</u> | સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – **હિતેશ લીંબાભાઇ ઉસદડીયા** દ્વારા તેઓના સદર વીજજોડાણ નં.: ૮૦૧૦૭/૦૧૦૬૪/૦ ૨. સર્વે નંબર: ૫૨૯/૨ માં પાણી ખુટી જવાથી – તેઓના સંયુકત કુટુંબ દ્વારા – પીપળી ગામે સર્વે નંબર: ૨૧ માં ખરીદવામા આવેલ – જેમા પાણી હોય – સદર વીજજોડાણ શીફટીંગ અંગે ની અરજીમાં જણાવ્યા મુજબ – ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ ના પેટા મુદ્દા નં. (૯) મા જણાવ્યા મુજબ ની વિગતે – બન્ને ગામો ના સર્વે નંબર કબ્જેદાર સમાન ન હોય – જેથી, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે અરજદાર ની સદર અરજી ગ્રાહય રાખવામા આવતી નથી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઇસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.